# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૨ તા.૭-૮-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- ચોમાસા દરમ્યાન વાહકજન્ય રોગો અટકાયત પગલા ઘનિષ્ઠ બનાવવા બાબત.

સંદર્ભ :- નં.ડીપી/મલર/ટિક/વા.જ.સે.અ./પગલા/વશી તા.૧૮-૭-૧૯ માન. કલેકટરશ્રીનો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ એ રાષ્ટ્રીય કાર્યક્રમ છે. સરકારશ્રી દ્વારા મેલેરીયા મુકત ગુજરાત-૨૦૨૨ અમલમાં મુકવામાં આવેલ છે. જે સંદર્ભે મેલેરીયા નાબુદી માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવી રહેલ છે. જેથી ચાલુ વર્ષ દરમ્યાન ચોમાસાની ઋતુમાં અસરકારક કામગીરી કરવામાં ન આવે તો મેલેરીયા, ડેન્ગ્યુ જેવા રોગોના ઉપદ્રવ થવાની શકયતા છે.

મેલેરીયા ડેન્ગ્યુ જેવા વાહકજન્ય રોગોનો ઉપદ્રવ ન થાય તે માટે આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ બાબતોને ધ્યાને લઈ બાળકોને રોગો અને તેના લક્ષણોથી વાકેફ કરવાના રહેશે.

- શાળામાં વરસાદી પાણીનો ભરાવ ન થાય તેની કાળજી રાખવી.
- ધાબા પર કે કમ્પાઉન્ડમાં રાખેલી ભંગાર વસ્તુઓ જેવી કે ટાયર,ડબ્બા, ખાલી બોટલો, બીનવપરાશી વાહનો, બીનજરૂરી ફર્નીચર,નાળીયેરની કાચલી વગેરેમાં પાણી ન ભરાઈ રહે તે માટેનો નિકાલ કરવો.
- કુલદાની, કુલર, ફ્રીજની ટ્રે વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ મેલેરીયા રોગના ફેલાવા માટે જવાબદાર મચ્છરની ઉત્પતિ અટકાવી શકાય.
- મેલેરીયા ડેન્ગ્યુ જેવા વાહકજન્ય રોગોથી બચવા માટે દિવસે અને રાત્રે સુતી વખતે મચ્છરદાનીનો ઉપયોગ કરવો.

શાળાકક્ષાએ આ અભિયાનનો તમામ સહભાગી બને તેવા પ્રયત્નો કરવા તેમજ આરોગ્ય અધિકારીશ્રીની મુલાકાત દરમ્યાન મચ્છરોનું બ્રીડીંગ જોવા મળશે તો આપની જવાબદારી ગણી કાયદેસરના પગલાં હાથ ધરવામાં આવશે.

તા.૭-૮-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૨-A તા.૭-૮-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- મ્યુનિ. શાળાઓમાં સ્કાઉટ-ગાઇડની પ્રવૃત્તિને વેગ આપવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, મ્યુનિ. સ્કૂલ બોર્ડ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં સ્કાઉટ-ગાઇડ પ્રવૃત્તિ ચાલી રહી છે. તેનાથી આપ પરિચિત છો જ. વિદ્યાર્થીઓમાં આ પ્રવૃત્તિથી શિસ્ત, સ્વચ્છતા, પર્યાવરણની જાગૃતિ, સાહસિકતા, સ્વાવલંબન જેવા અનેક ગુણોનો વિકાસ થાય છે.

આપની શાળામાં ટ્રુપ ચાલતી હશે જ તેમ જ વિદ્યાર્થીઓ પાસે સ્કાઉટનો ગણવેશ હશે જ. વળી આપની શાળામાં સ્કાઉટ બેન્ડની ટુકડી કાર્યરત હશે જ.

આ વર્ષે મ્યુનિ. સ્કૂલ બોર્ડની કોઇ શાળા આ પ્રવૃત્તિથી વંચિત ન રહે તે માટે તમામ શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓએ પ્રયત્ન કરવાનો છે જ.

ધો. ૧ થી ૮માં દરેક શાળામાં એક કબ / બુલબુલ સ્કાઉટ કે ગાઇડની ટ્રુપ, ધો. ૬ થી ૮ની શાળામાં સ્કાઉટ ગાઇડ તથા ધો. ૧ થી ૫ની શાળામાં કબ / બુલબુલ પ્રવૃત્તિ શરૂ કરી શકાય.

તમારી શાળાના વ્યાયામ શિક્ષકે ફરજિયાત સ્કાઉટ પ્રવૃત્તિ કરવી તથા વ્યાયામ શિક્ષક ના હોય તેવી શાળાના ઉત્સાહી શિક્ષકે આ કામગીરી કરવી. શાળાનું રજીસ્ટ્રેશન કરવા માટે નીચેના ફોર્મેટમાં ઝોન એ.ઓ.શ્રીને દિન-૩માં માહિતી આપવી. આથી આવા શિક્ષકોની એક દિવસની તાલીમ ગોઠવી આગામી કાર્યક્રમો અંગે યોજના બનાવી શકે.

અઠવાડિયામાં બે દિવસ ચાલુ શાળાએ વ્યાયામના તાસમાં આ પ્રવૃત્તિ ચલાવવાની રહેશે. તેનું આયોજન શાળા કક્ષાએ ટ્રુપ ચલાવનાર શિક્ષકે કરવાનું રહેશે. આસિ. ઓર્ગે.કમિશનર દ્વારા તેનું મોનીટરીંગ કરવામાં આવશે. અત્યારે ઇ.સ્કાઉટ ઓર્ગે.કમિશનર તરીકે કલ્પનાબેન જાદવ તથા ઇ.જિલ્લામંત્રી તરીકે દિવ્યેશભાઇ આર. ભટ્ટની નિમણૂંક કરવામાં આવી છે.

| અનુ. નં. | શિક્ષકનું નામ | શાળાનું નામ | સંપર્ક નંબર | બેંકની વિગત એકા.નં. |
|---|---|---|---|---|
| | | | | |

તા.૦૭-૦૮-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૨-B તા.૭-૮-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- રાજય યુવા ઉત્સવ-૨૦૧૯/૨૦ના આયોજન બાબત.

સંદર્ભ :- યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી (ગુ.રા.) તા.૪-૭-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા પ્રતિ વર્ષે તાલુકા, જિલ્લા, પ્રદેશ અને રાજયકક્ષાએ યુવા ઉત્ત્સવની વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવે છે. ચાલુ વર્ષે પણ યુવા ઉત્સવ ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે તો તેમાં વધારેમાં વધારે બાળકો અને શિક્ષકો ભાગ લે તેવું આયોજન કરવું.

| ક્રમ | વિભાગ | વયજૂથ |
|---|---|---|
| ૧ | અ વિભાગ | ૧૫ વર્ષથી ૨૦ વર્ષ સુધીના |
| ૨ | બ વિભાગ | ૨૦ વર્ષથી ઉપરના અને ૨૯ વર્ષ સુધીના |
| ૩ | ખુલ્લો વિભાગ | ૧૫ વર્ષથી ૨૯ વર્ષ સુધીના |

પ્રવેશપત્રો તાલુકા કક્ષા યુવા ઉત્સવ માટે સપ્ટેમ્બર-૨૦૧૯ અંત સુધીમાં નામો મોકલી આપવાના રહેશે.

યુવા ઉત્સવના સ્થળ અને તારીખ નક્કી થયા બાદ જણાવવામાં આવશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૭-૮-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

નોંધ :-

૧. તા.૯-૫-૧૯ના રોજ શાળાના (બી.ઓ.આઈ.) ખાતાની પાસબુકમાં સેલરી મે-૨૦૧૯ રૂ.૫૦૦/-ની એન્ટ્રી થયેલ છે. જે બેંકની ભૂલ છે પરંતુ, તે ઈકોકલબ ગ્રાન્ટ રૂ.૫૦૦/- પ્રથમ તબક્કાની છે. જે જાણમાં લેશો.

૨. ચાલુ નાણાંકીય વર્ષમાં દરેક શાળાને શાળા પ્રવેશોત્સવની ગ્રાન્ટ રૂા.૨૦૦૦/- આપેલ છે. તે નાણાં દિન-૧૫માં મુખ્ય ઓફિસે ચલણથી પરત ભરી જશો. સને ૨૦૧૯-૨૦ના રૂા.૫૦૦/- ડીપોઝીટ ખાતે જમા આપવા તથા રૂા.૧૫૦૦/- ઓફિસકન્ટી પરચૂરણ ખાતે ચેકથી નાણાં જમા આપવા.

તા.૭-૮-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

કમિશનર,
યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, (ગુ.રા.)
બ્લોક નં-૧૧/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.
Email: ybo-synca@gujarat.gov.in
Phone No.079-232-54095/54154

ડે. મ્યુનિસિપલ કમિશનર (સ્કુલબોર્ડ / યુ.સી.ડી) ઈન્વર્ડ નં: 640 આવ્યા તારીખ: 16-7-19 રવાનગી તારીખ: 17/7/19

ક્રમાંકઃયસપ/યબઅ/યુવા ઉત્સવ/૨૦૧૯-૨૦/ખ-૧, ૯૩૯૯-૯૩૯૨   તારીખઃ- ૦૪/૦૭/૨૦૧૯

સરકારી પત્ર સેન્ટ્રલ ઓફીસ (રજીસ્ટ્રી બાન્ચ) ઇ.નં. 1682 તા. 12/7/2019

પ્રતિ,
જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, તમામ

વિષયઃ- રાજય યુવા ઉત્સવ-૨૦૧૯-૨૦ના આયોજન બાબત.

કમિશનર,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ,ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષ તાલુકા, જિલ્લા, પ્રદેશ અને રાજયકક્ષાએ યુવા ઉત્સવની વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવે છે. તદ્દઅનુસાર ચાલુ વર્ષે પણ ઉપરોકત યુવ ઉત્સવનું તાલુકા, જિલ્લા, પ્રદેશ, રાજય અને રાષ્ટ્ર કક્ષાએ એમ પાંચ કક્ષાએ આયોજન કરવામાં આવશે. ગત વર્ષન જેમ ચાલુ વર્ષે સ્પર્ધકોની વય મર્યાદા તથા ત્રણ પ્રદેશના બદલે ચાર પ્રદેશ કક્ષાએ સ્પર્ધા યોજવાનું નકકી કરવામ આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

નિયત કરેલ વય જુથનું વર્ગીકરણ

| | | | |
|---|---|---|---|
| (૧) | 'અ' વિભાગ | > | ૧૫ વર્ષથી ૨૦ વર્ષ સુધીના |
| (૨) | 'બ' વિભાગ | > | ૨૦ વર્ષથી ઉપરના અને ૨૯ વર્ષ સુધીના |
| (3) | 'ખુલ્લો' વિભાગ | > | ૧૫ વર્ષથી ૨૯ વર્ષ સુધીના |

B)

નિયત કરેલ ઝોન સ્તરનું જિલ્લાવાર વર્ગીકરણ

| ક્રમ | ઉત્તર ગુજરાત ઝોન | દક્ષિણ ગુજરાત ઝોન | મધ્ય ગુજરાત ઝોન | સૌરાષ્ટ્ર ઝોન |
|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ડાંગ(આહવા) | વડોદરા-શહેર | પોરબંદર |
| ૨ | પાટણ | નવસારી | વડોદરા-ગ્રામ્ય | જુનાગઢ-શહેર |
| ૩ | મહેસાણા | નર્મદા | પંચમહાલ | જુનાગઢ-ગ્રામ્ય |
| ૪ | સાબરકાંઠા | સુરત-શહેર | દાહોદ | ગીર સોમનાથ |
| ૫ | ગાંધીનગર-શહેર | સુરત-ગ્રામ્ય | મહિસાગર | દેવભૂમિ દ્વારકા |
| ૬ | ગાંધીનગર-ગ્રામ્ય | વલસાડ | ખેડા | જામનગર-શહેર |
| ૭ | અરવલ્લી | ભરૂચ | આણંદ | જામનગર-ગ્રામ્ય |
| ૮ | અમદાવાદ-શહેર | તાપી | બોટાદ | ભાવનગર-શહેર |
| ૯ | અમદાવાદ -ગ્રામ્ય | છોટાઉદેપુર | મોરબી | ભાવનગર-ગ્રામ્ય |
| ૧૦ | કચ્છ | -- | સુરેન્દ્રનગર | અમરેલી |
| ૧૧ | -- | -- | -- | રાજકોટ-શહેર |
| ૧૨ | -- | -- | -- | રાજકોટ-ગ્રામ્ય |

ઉપર મુજબ ચાર ઝોનમાં યુવા ઉત્સવનું આયોજન હાથ ધરવા આથી જણાવવામાં આવે છે. આ ઉત્સવમાં જુદી-જુદી કક્ષાએ આયોજન અને સંચાલન માટે જે તે કક્ષાની વ્યવસ્થાપક સમિતિ કાર્ય કરશે.

વ્યવસ્થાપક સમિતિમાં જુદા-જુદા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં અને યુવક પ્રવૃત્તિઓમાં રસ ધરાવતી વ્યકિતઓનો તેમજ લલિતકલા અકાદમી અને સંગીત નાટક અકાદમીના સ્થાનિક સભ્યોનો પણ સમાવેશ કરવાનો રહેશે. આ ઉપરાંત તાલુકા, જિલ્લાના સ્વામી વિવેકાનંદ યુવા મંડળોના સંયોજકો, યુવા કાર્યકરોને તેમજ પ્રાથમિક શાળાઓ, માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજ, યુનિવર્સિટીઓ, જુદી-જુદી તાલીમ સંસ્થાઓં,સાંસ્કૃતિક કલા સંસ્થાઓ તથા રસ ધરાવતી સંસ્થાઓને તાલુકા/જિલ્લા કક્ષા યુવા ઉત્સવની જાણ કરવાની રહેશે. આ યુવા ઉત્સવનો સઘન પ્રચાર થાય તે રીતે કામગીરી કરવાની રહેશે. જેથી રસ ધરાવતા કલાકારોને ભાગ લેવામાં સરળતા રહે અને સ્પર્ધા માટે પૂર્વ તૈયારી પણ કરી શકે.

યુવા ઉત્સવ અંગેની અંદાજીત સમયાવધિઓ

| | |
|---|---|
| (૧) તાલુકા કક્ષા યુવા ઉત્સવ | - સપ્ટેમ્બર-૨૦૧૯ અંત સુધીમાં |
| (૨) જિલ્લાકક્ષા યુવા ઉત્સવ | - ઓકટોબર-૨૦૧૯ અંત સુધીમાં |
| (૩) ઝોનકક્ષા યુવા ઉત્સવ | - નવેમ્બર-૨૦૧૯ ના પ્રથમ સપ્તાહમાં |
| (૪) રાજયકક્ષા યુવા ઉત્સવ | - ડિસેમ્બર-૨૦૧૯ ના પ્રથમ સપ્તાહમાં |

રાજયકક્ષાના પ્રવેશપત્રો મોકલવાની છેલ્લી તા.૧૫-૧૧-૨૦૧૯ રહેશે. જયારે ઝોનકક્ષાના યુવા ઉત્સવ અંગેના પ્રવેશપત્રો જે તે ઝોનના યુવા ઉત્સવ સમિતિના વડાને મોડામાં મોડા તારીખઃ૨૦-૧૦-૨૦૧૯ સુધીમાં અચૂક મોકલી આપવાના રહેશે.

તાલુકા, જિલ્લા કક્ષાના યુવા ઉત્સવની તારીખોમાં સંજોગો અનુસાર ફેરફાર કરી શકાશે. પરંતુ કોઇપણ સંજોગોમાં પ્રદેશ તેમજ રાજય કક્ષાએ પ્રવેશપત્ર મોકલવાની તારીખ પહેલા તાલુકા તથા જિલ્લા કક્ષાનો યુવા ઉત્વસ પૂર્ણ કરવાનો રહેશે.

જિલ્લા તેમજ પ્રદેશ કક્ષાના યુવા ઉત્સવનો અહેવાલ પ્રતિવર્ષની જેમ ૧૦ સારા ફોટોગ્રાફસ સાથે આ કચેરીને મોકલી આપવાના રહેશે.

તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત તથા નગર પંચાયતના પ્રમુખશ્રીઓ તથા કોર્પોરેશનના મેયરશ્રીઓ આવા ઉત્સવમાં આર્થિક સહાય આપી શકેતે માટેની જોગવાઇઓ તેમના બજેટમાં હોય છે. તાલુકા પંચાયત,જિલ્લા પંચાયત અને નગર પંચાયતના બજેટમાં !! યુથ વેલ્ફેર એકટીવીટી !! સદર હેઠળ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ખર્ચની જોગવાઇ હોય છે. તેમાંથી તાલુકા પંચાયત,જિલ્લા પંચાયત, નગર પંચાયતના પ્રમુખો તથા જે તે વિભાગના કોર્પોરેશનના માન.મેયરશ્રીઓ આ કાર્યક્રમમાં મદદ કરી શકે તે માટે આપ તેઓશ્રીનો રૂબરુ સંપર્ક સાધીને આ ઉત્સવમાં તેઓની પાસેથી સહાય મેળવવા પ્રયત્ન કરશો.

સાહિત્ય, કલા અને સાંસ્કૃતિક વિભાગની વિવિધ સ્પર્ધાની કૃતિઓ ગત વર્ષના ધોરણે જ યોજવાની રહેશે. પરંતુ રાષ્ટ્રીય યુવા ઉત્સવની એકાંકી સ્પર્ધામાં ફકત અંગ્રેજી, હિન્દી ભાષામાં રજૂ કરવાના નિયમો હતા, જેમાં કેન્દ્ર સરકારના યુવા બાબતો અને ખેલકૂદ મંત્રાલયની સુચનાથી ફેરફાર કરી પ્રાદેશિક ભાષામાં પણ એકાંકી રજુ થંઇ શકશે તેથી તે પ્રમાણે વિજેતા ક્રમ આપવાનો રહેશે.

આ વિવિધ સ્પર્ધાઓ (ઉત્સવ) પાછળનો ઉદેશ લક્ષમાં રાખી આશાસ્પદ કલાકારો યુવક-યુવતીઓને જરૂરી માર્ગદર્શન આપી તેમને પ્રેરણા આપી યુવા ઉત્સવને સફળતા મળે તે માટે તમામ પ્રયત્ન કરવાના રહેશે. તાલુકા, જિલ્લા કક્ષાના કાર્યક્રમના આયોજકો, સંસ્થાઓ, સ્થળ અને તારીખ વગેરેની માહિતી આ કચેરીને તાકીદે મોકલી આપશો.

<u>નિર્ણાયકો, નિયમો,અરજી પત્રક,આઇટમો</u>

(૧) નિર્ણાયકોની સંખ્યા સામાન્ય રીતે ત્રણથી વધુ નહી કે ઓછી નહી તેવી હોવી જોઇએ.

(૨) નિર્ણાયકોની પસંદગી તાલુકા, જિલ્લા કક્ષાએ આયોજન સમિતિ કરશે. નિર્ણાયકોની પેનલ જેતે કક્ષાની આયોજન સમિતિના અધ્યક્ષ/ઉપાધ્યક્ષશ્રી અથવા તેમના પ્રતિનિધ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, એક નામાંકિત કલાકાર (સંગીત,નૃત્ય,નાટય) એક સાહિત્યકાર એક સ્થાનિક મહાનુભાવ અને સભ્ય સચિવ તરીકે જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીની સમિતિની રચના કરવાની રહેશે. જેમાં દરેક આઇટમમાં ઓછામાં ઓછી ચારથી પાંચ નામોની પસંદગી કરવાની રહેશે.

(અ) પ્રત્યેક નિર્ણાયકોને જુદી-જુદી સ્પર્ધાઓની નિયમાવલી અગાઉથી આપવાની રહેશે.

(બ) નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે. જેને પડકારી શકાશે નહી.

<u>નિયમો</u>

૧૫ થી ૨૯ વર્ષની વયમર્યાદા ધરાવતા વિધાર્થી કે બિન વિધાર્થીઓ કોઇપણ યુવક-યુવતીઓ આ યુવા ઉત્સવમાં ભાગ લઇ શકશે. યુવા ઉત્સવ માટેના નિયમો શરતો, ફોર્મ ગત વર્ષ અનુસાર રહેશે. ભાગ લેવા ઇચ્છતી વ્યકિત કે સંસ્થા નિયત ફોર્મમાં અરજી કરવાની રહેશે. કોઇપણ લાયક વ્યકિત,વ્યકિતગત રીતે સ્પર્ધામાં ભાગ લઇ શકશે. તાલુકા કક્ષાએ જે વ્યકિત કે સંસ્થા પ્રથમ આવે તે જિલ્લા કક્ષાએ ભાગ લેશે. તે જ રીતે જિલ્લા કક્ષાએ પ્રથમ આવતી સંસ્થા કે વ્યકિતની અરજીઓ જિલ્લા કે વ્યવસ્થાપક સમિતિના શેરા સાથે ઝોન'સ્તરે સંબંધિત ઝોનના જે જિલ્લામાં ઝોન યુવા ઉત્સવ યોજવાનો હોય તે જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીને નિયત તારીખ સુધીમાં મોકલી આપવાના રહેશે.

તાલુકા, જિલ્લા કક્ષાએ યુવા ઉત્સવમાં ખાસ કરીને એકાંકી નાટય સ્પર્ધા જેવી આઇટમોમાં રાજકીય બાબતોને સ્પર્શે તેવી કૃતિ અથવા કોઇપણ કોમ કે ધર્મના ભાંઇ/બહેનોની લાગણી દુભાય તેવી કૃતિ અથવા અશ્લીલ અને સુરુચિભંગ કરે તેવી કૃતિ રજુ કરાય નહી તેની સંપૂર્ણપણે તકેદારી સ્થાનિક આયોજકોને રાખવાની રહેશે અને સ્ક્રીપ્ટ અગાઉથી લઇ સાહિત્યકારોની સમિતિ પાસે તેની ફરજીયાતપણે ચકાસણી કરાવી લેવાની રહેશે.

તાલુકા યુવા ઉત્સવ પૂર્ણ થયા બાદ જિલ્લા કક્ષાએ અને ઝોન કક્ષાએ યુવા ઉત્સવનું આયોજન થશે.તાલુકા કક્ષાના યુવા ઉત્સવના આયોજન માટે સંબંધિત તાલુકા મામલતદારશ્રીના અધ્યક્ષપણા હેઠળ વ્યવસ્થાપક સમિતિની રચના કરી સમય મર્યાદામાં અયોજન કરવાનું રહેશે.

તમામ તાલુકાઓનાં યુવા ઉત્સવ પુરો થયા બાદ જિલ્લા યુવા ઉત્સવના આયોજન-સંચાલન માટે કલેકટરશ્રીના અધ્યક્ષપણા હેઠળ વ્યવસ્થાપક સમિતિની રચના કરવાની રહેશે. વ્યવસ્થાપક સમિતિમાં તાલુકા, જિલ્લાના સ્વામી વિવેકાનંદ યુવા મંડળોના સંયોજકો, જિલ્લાની અગ્રણી સાંસ્કૃતિક સંસ્થાઓ,કલા સંસ્થાઓ, સામાજીક સેવાભાવી સંસ્થાઓના પ્રતિનિધિઓ, સ્થાનિક શૈક્ષણિક સંસ્થાઓના હોદેદારો, જિલ્લાની કચેરીના વડાશ્રીઓનો સમાવેશ કરવાનો રહેશે. આ વ્યવસ્થાપક સમિતિના ઉપાધ્યક્ષ તરીકે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને મંત્રી તરીકે જિલ્લા યુવા વિકાસ અધિકારી કામગીરી સંભાળશે.

વ્યવસ્થાપક સમિતિની બેઠકમાં જિલ્લા યુવા ઉત્સવના સ્થળ તથા તારીખ નકકી કરી મામલતદારશ્રીઓને જિલ્લા યુવા ઉત્સવમાં ભાગ લેવા માટે નિમંત્રણ પાઠવવાનું રહેશે.

આપના જિલ્લાના તમામ તાલુકાઓમાં તાલુકા યુવા ઉત્સવનું આયોજન સમય મર્યાદામાં હાથ ધરાય તે મુજબની કાર્યવાહી હાથ ધરવાં જરૂરી પરિપત્રથી સુચના આપશો.

જિલ્લા કક્ષાની ત્રણેય વિભાગની એટલે કે, સાહિત્ય, કલા અને સાંસ્કૃતિક વિભાગની પ્રથમ વિજેતા ટુકડીઓ તથા વિજેતાઓ પ્રદેશ કક્ષાએ ભાગ લેશે કોઇપણ સંજોગોમાં પ્રથમ અને દ્વિતિય સ્થાન પર એકથી વધુ વ્યકિતને વિજેતા જાહેર ન કરવામાં આવે તેની તકેદારી રાખવી.

પ્રદેશ યુવા ઉત્સવ અને રાજય યુવા ઉત્સવની તારીખો /સ્થળ નકકી થયા બાદ મોકલી આપવામાં આવશે.જેની નોંધ લેશો.

ખાસ ફરજ પરના અધિકારી
યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
ગાંધીનગર

<u>નકલ સાદર રવાનાઃજાણ સારૂ</u>

(૧) સચિવશ્રી,રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,સચિવાલય,ગાંધીનગર

(૨) જિલ્લા કલેકટરશ્રી,તમામ

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ

(૪) નાયબ સચિવશ્રી,રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય,ગાંધીનગર

(૫) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી,ગુજરાત રાજય,બ્લોકનં.૧૨,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી,મહાનગરપાલિકાઓ,તમામ (ગુજરાત રાજય)

(૭) યુનિવર્સિટીઓના રજીસ્ટ્રારશ્રીઓ,તમામ (ગુજરાત રાજય)

(૮) માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજય માહિતી ખાતુ,ડૉ.જીવરાજ મહેતા ભવન,બ્લોકનં.૧૯, ગાંધીનગર

(૯) નિયામકશ્રી, દુરદર્શન કેન્દ્ર, થલતેજ રોડ, અમદાવાદ

(૧૦) નિયામકશ્રી,આકાશવાણી કેન્દ્ર,આશ્રમ રોડ, અમદાવાદ

(૧૧) ઝોનલ ડાયરેકટરશ્રી,નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન,જિલ્લા પંચાયત,સેકટર-૧૭,ગાંધીનગર

(૧૨) જિલ્લા રમતગમત અધિકારીશ્રી, તમામ

(૧૩)પસંદગી ફાઇલ.

# તાલુકા કક્ષા યુવા ઉત્સવ નાં અહેવાલનું ફોર્મ

વર્ષ-૨૦૧૯-૨૦

(૧) કાર્યક્રમનું સ્થળ/સરનામું:- ..............................................................................

..............................................................................

..............................................................................

(૨) કાર્યક્રમની તારીખ ..............................................................................

(૩) ભાગ લેનાર સ્પર્ધકોની સંખ્યા ભાઇઓ.............બહેનો................કુલ:.............

(૪) ભાગ લેનાર સ્પર્ધકોના નામ- સરનામા,મોબાઇલ નંબર સાથેની યાદી (અલગ આપવી)

(૫) ઉદઘાટન કાર્યક્રમના મહેમાનનો નામ- સરનામા,મોબાઇલ નંબર

(૧)

(૨)

(૩)

(૪)

(૫)

(૬) પૂર્ણાહુતિ કાર્યક્રમના મહેમાનોના નામ- સરનામા,મોબાઇલ નંબર

(૧)

(૨)

(૩)

(૪)

(૫)

(૭) નિર્ણાયકશ્રી/સંચાલકશ્રીના નામ- સરનામા,મોબાઇલ નંબર

(૧)

(૨)

(૩)

(૪)

(૫)

(૮) ભાગ લેનાર સ્પર્ધકોને આપવામાં આવેલ સુવિધાઓની વિગત

(૧) નિવાસ

(૨) ભોજન

(૩) પ્રવાસ

(૪) અન્ય

નાણાકીય જોગવાઇ અને ઉગવેલ રકમ તે પૈકી થયેલ ખર્ચ અને બચતની વિગતઃ-

| દફતરી હુકમ- તારીખ અને ફાળવેલ રકમ | ઉચ્ચક બીલ/ કન્ટીજન્સી થી ઉગવેલ રકમ | બિલ નંબર/ તારીખ | ચેક મળ્યા તારીખ | વાઉચર નંબર/ તારીખ | થયેલ કુલ ખર્ચ | બચત રકમ |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | | | | | | |

(૧૦) આ કાર્યક્રમ માટે કરવામાં આવેલ કામગીરી અને ચૂકવેલ બીલોની વિગતોઃ-

| ક્રમ | કરવામાં આવેલ કામગીરીની ટૂંકી વિગત | કઇ તારીખોએ કામગીરી / કાર્યક્રમ | કાર્યક્રમકરનાર એજન્સી/ ફર્મ વ્યકિત સંસ્થાનું નામ-સરનામું- સંપર્ક નંબર | ચૂકવણાના બીલની રકમ રૂા. | બીલ નંબર/ તારીખ |
|---|---|---|---|---|---|
| | | | | | |

(૧૧) ઉગવેલ રકમમાંથી બચત ચલનથી સરકારશ્રીમાં જમા કરાવેલ હોયતો તે રકમ જમા કરાવ્યાના ચલનનં............ તારીખ................જણાવવા તેમજ તિજોરી કચેરીમાંથી મેળવેલ વેરીફીકેશન પત્ર આ સાથે સામેલ કરવો.

(૧૨) અન્ય માહિતી

જિલ્લા યુવા વિકાસ અધિકારી

જિલ્લો ............................

બિડાણઃ- (૧) આમંત્રણ કાર્ડ (૨) રોજે રોજનું આપેલ ભોજન મેનુ (૩) શિબિરના કવરેજની સી.ડી./ડી.વી.ડી (૪) શિબિરના ફોટોગ્રાફસનું આલ્બમ.

# જિલ્લા કક્ષા યુવા ઉત્સવ નાં અહેવાલનું ફોર્મ

વર્ષ-૨૦૧૯-૨૦

(૧) કાર્યક્રમનું સ્થળ/સરનામું:- ..........................................................................

..........................................................................

..........................................................................

(૨) કાર્યક્રમની તારીખ ..........................................................................

(૩) ભાગ લેનાર સ્પર્ધકોની સંખ્યા ભાઇઓ.........,...બહેનો.................કુલઃ.............

(૪) ભાગ લેનાર સ્પર્ધકોના નામ- સરનામા,મોબાઇલ નંબર સાથેની યાદી (અલગ આપવી)

(૫) ઉદઘાટન કાર્યક્રમના મહેમાનનો નામ- સરનામા,મોબાઇલ નંબર

(૧)

(૨)

(૩)

(૪)

(૫)

(૬) પૂર્ણાહુતિ કાર્યક્રમના મહેમાનોના નામ- સરનામા,મોબાઇલ નંબર

(૧)

(૨)

(૩)

(૪)

(૫)

(૭) નિર્ણાયકશ્રી/સંચાલકશ્રીના નામ- સરનામા,મોબાઇલ નંબર

(૧)

(૨)

(૩)

(૪)

(૫)

(૮) ભાગ લેનાર સ્પર્ધકોને આપવામાં આવેલ સુવિધાઓની વિગત

(૧) નિવાસ

(૨) ભોજન

(૩) પ્રવાસ

(૪) અન્ય

નાણાકીય જોગવાઇ અને ઉગવેલ રકમ તે પૈકી થયેલ ખર્ચ અને બચતની વિગતઃ-

| દફતરી હુકમ- તારીખ અને ફાળવેલ રકમ | ઉચ્ચક બીલ/ કન્ટીજન્શી થી ઉગવેલ રકમ | બિલ નંબર/ તારીખ | ચેક મળ્યા તારીખ | વાઉચર નંબર/ તારીખ | થયેલ કુલ ખર્ચ | બચત રકમ |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | | | | | | |

(૧૦) આ કાર્યક્રમ માટે કરવામાં આવેલ કામગીરી અને ચૂકવેલ બીલોની વિગતોઃ-

| ક્રમ | કરવામાં આવેલ કામગીરીની ટૂંકી વિગત | કઇ તારીખોએ કામગીરી / કાર્યક્રમ | કાર્યક્રમકરનારં એજન્શી/ ફર્મ વ્યકિત સંસ્થાનું નામ-સરનામું- સંપર્ક નંબર | ચૂકવણાના બીલની રકમ રૂા. | બીલ નંબર/ તારીખ |
|---|---|---|---|---|---|
| | | | | | |

(૧૧) ઉગવેલ રકમમાંથી બચત ચલનથી સરકારશ્રીમાં જમા કરાવેલ હોયતો તે રકમ જમા કરાવ્યાના ચલનનં........... તારીખ................જણાવવા તેમજ તિજોરી કચેરીમાંથી મેળવેલ વેરીફીકેશન પત્ર આ સાથે સામેલ કરવો.

(૧૨) અન્ય માહિતી

જિલ્લા યુવા વિકાસ અધિકારી

જિલ્લો .............................

બિડાણઃ- (૧) આમંત્રણ કાર્ડ (૨) રોજે રોજનું આપેલ ભોજન મેનુ (૩) શિબિરના કવરેજની સી.ડી./ડી.વી.ડી

(૪) શિબિરના ફોટોગ્રાફસનું આલ્બમ.

કમિશનર,
યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, (ગુ.રા.)
બ્લોક નં-૧૧/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.
Email: ybo-synca@gujarat.gov.in
Phone No.079-232-54095/54154

640
16/7/19

ક્રમાંક:યસપ/યબઅ/યુવા ઉત્સવ/૨૦૧૯-૨૦/ખ-૧/
૧૩૧૯૮-૧૩૯૯૨

તારીખ:- ૦૪/૦૭/૨૦૧૯

1682
તા. 12/7/2019

પ્રતિ,

જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, તમામ

વિષય:- રાજય યુવા ઉત્સવ-૨૦૧૯-૨૦ના આયોજન બાબત.

કમિશનર,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ,ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષ તાલુકા, જિલ્લા, પ્રદેશ અને રાજયકક્ષાએ યુવા ઉત્સવની વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવે છે. તદ્દનુસાર ચાલુ વર્ષે પણ ઉપરોક્ત યુવા ઉત્સવનું તાલુકા, જિલ્લા, પ્રદેશ, રાજય અને રાષ્ટ્ર કક્ષાએ એમ પાંચ કક્ષાએ આયોજન કરવામાં આવશે. ગત વર્ષની જેમ ચાલુ વર્ષે સ્પર્ધકોની વય મર્યાદા તથા ત્રણ પ્રદેશના બદલે ચાર પ્રદેશ કક્ષાએ સ્પર્ધા યોજવાનું નકકી કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| નિયત કરેલ વય જૂથનું વર્ગીકરણ | | | |
|---|---|---|---|
| (૧) | 'અ' વિભાગ | > | ૧૫ વર્ષથી ૨૦ વર્ષ સુધીના |
| (૨) | 'બ' વિભાગ | > | ૨૦ વર્ષથી ઉપરના અને ૨૯ વર્ષ સુધીના |
| (૩) | 'ખુલ્લો' વિભાગ | > | ૧૫ વર્ષથી ૨૯ વર્ષ સુધીના |

SB)

**નિયત કરેલ ઝોન સ્તરનું જિલ્લાવાર વર્ગીકરણ**

| ક્રમ | ઉત્તર ગુજરાત ઝોન | દક્ષિણ ગુજરાત ઝોન | મધ્ય ગુજરાત ઝોન | સૌરાષ્ટ્ર ઝોન |
|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ડાંગ(આહવા) | વડોદરા-શહેર | પોરબંદર |
| ૨ | પાટણ | નવસારી | વડોદરા-ગ્રામ્ય | જુનાગઢ-શહેર |
| ૩ | મહેસાણા | નર્મદા | પંચમહાલ | જુનાગઢ-ગ્રામ્ય |
| ૪ | સાબરકાંઠા | સુરત-શહેર | દાહોદ | ગીર સોમનાથ |
| ૫ | ગાંધીનગર-શહેર | સુરત-ગ્રામ્ય | મહિસાગર | દેવભૂમિ દ્વારકા |
| ૬ | ગાંધીનગર-ગ્રામ્ય | વલસાડ | ખેડા | જામનગર-શહેર |
| ૭ | અરવલ્લી | ભરૂચ | આણંદ | જામનગર-ગ્રામ્ય |
| ૮ | અમદાવાદ-શહેર | તાપી | બોટાદ | ભાવનગર-શહેર |
| ૯ | અમદાવાદ -ગ્રામ્ય | છોટાઉદેપુર | મોરબી | ભાવનગર-ગ્રામ્ય |
| ૧૦ | કચ્છ | -- | સુરેન્દ્રનગર | અમરેલી |
| ૧૧ | -- | -- | -- | રાજકોટ-શહેર |
| ૧૨ | -- | -- | -- | રાજકોટ-ગ્રામ્ય |

Scanned by CamScanner